**ફોજદારી કેસ નં. 17653/2023**
**આંક-**

આરોપીનું નામ : **SHAILESHBHAI RANCHHODBHAI VASAVA**
પોલીસ સ્ટેશન : **HARNI POLICE STATION - VADODARA DISTRICT**
એફ.આઈ.આર.નં.: **11196036230174/2023**

**ગુન્હો :- ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ...**

**-:: ચુ કા દો ::-**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ પોલીસ ધ્વારા ઉપરોક્ત મુજબનો ગુનો નોંધેલ છે અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબૂલાત પુરશીશ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરવા માંગતા હોઈ, કબુલાત સ્વીકારી, આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી-સંભળાવી, સમજાવતા, આરોપી કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીની ગુના સંબધે પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ-બચ્ચા વાળા હોઈ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપીની ગુનાની કબુલાત જોતા તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. જેથી આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે તે હકીકત તેમજ ***નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર.,પાનુ-૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હિરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત***ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી જણાતુ હોઈ, હું નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ ::-**

- આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, **રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)**નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો, દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

  હુકમ આજરોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ: વડોદરા

**(આશિષ કે. શાહ)**
છઠ્ઠા એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
વડોદરા
જજ કોડ નં. જીજે ૦૧૬૩૨